બિડાણઃ- સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ/ ૧૧૨૦૧૩/૮૨૪/મ.૩, તા. ૨૩/૦૭/૨૦૧૩

વિષયઃ- ટેન્ડર પ્રક્રિયા, ખરીદી, કોન્ટ્રાકટ તથા કન્સલ્ટીંગની નિમણૂંકમાં થતી ગેરરીતી અટકાવવા બાબતે...

---

જા.નં.નકૃયુ/રજી/અ-૩-૩/૯૯૮૦-૧૦૦૨૯/૨૦૧૩ નવસારી, તા.૧૭ (૧૯)/૦૮/૨૦૧૩

કુલસચિવ
નવસારી કૃષિ યુનિર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના તેમજ અમલ થવા સારૂઃ-**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

ટેન્ડર પ્રક્રીયા, ખરીદી, કોન્ટ્રાક્ટ તથા
કન્સલ્ટીંગની નિમણૂંકમાં થતી ગેરરીતી
અટકાવવા બાબતે

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૮-૭૯૪-ચ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૭/૨૦૧૩

વંચાણે લીધાં :-

(૧) કેન્દ્રીય સતર્કતા આયોગનો પરિપત્ર ક્રમાંક: ૨૩/૭/૦૭, તા. ૦૫/૦૭/૨૦૦૭

(૨) કેન્દ્રીય સતર્કતા આયોગનો પરિપત્ર ક્રમાંક: ૧૯૬૭૫૬, તા. ૧૧/૧૨/૨૦૧૨

(૩) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત રાજ્યનો અ.સ.પત્ર ક્રમાંક: મકમ/૧૦૨૦૧૩-૧૫૮૧૨૪-એફ-૭૯૬૨૮૧, તા:૫/૦૩/૧૩

આમુખ

રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિ-૧૯૯૭ની જોગવાઈના અમલ અંગે રાજયનાં વિભાગો, કચેરીઓ, કોર્પોરેશનો અને નિગમો દ્વારા કરવામાં આવતી ખરીદી બાબતે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત પરિપત્ર/સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ વિભાગના તા: ૨૩/૦૯/૧૯૯૭ ના ઠરાવથી પ્રસિધ્ધ થયેલ ખરીદનીતિની જોગવાઈઓને ધ્યાને લઈ રાજ્ય સરકારના વિભાગ/ખાતાના વડા/ બોર્ડ/કોર્પોરેશનોએ ખરીદી કરવાની રહે છે.

ઉપર વંચાણે લીધેલા ક્રમ (૧) અને (૨) સામેના કેન્દ્રીય સતર્કતા આયોગના પરિપત્રોથી રાજ્ય સરકાર દ્વારા ટેન્ડર/હરાજી પ્રક્રીયા હાથ ધર્યા સિવાય કરવામાં આવતી સીધી ખરીદી, કોન્ટ્રાક્ટ તથા કન્સલટન્ટની નિમણૂંકમાં થતી ગેરરીતી અટકાવવા બાબતે તેમજ ટેન્ડર તેમજ હરાજી પ્રક્રીયામાં પારદર્શકતા તેમજ સમાનતાના ધોરણો જાળવવા બાબતે સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. તથા ક્રમ (૩) સામેના પત્રથી તકેદારી આયુક્તશ્રી, ગુજરાત રાજ્યે ક્રમ (૧) અને (૨) ના પરિપત્રોને ધ્યાને લઈ ટેન્ડર/હરાજી પ્રક્રીયા હાથ ધર્યા સિવાય કરવામાં આવતી ખરીદીમાં થતી ગેરરીતી અટકાવવા બાબતે રાજ્ય સરકારના તમામ વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન વગેરેને આ અંગે જરુરી સૂચનાઓ આપવા જણાવેલ છે.

પરિપત્ર

રાજ્ય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન વગેરે દ્વારા કરવામાં આવતી ખરીદી તેમજ સેવાકીય પ્રવૃતિઓ માટે સંસ્થાની નિમણૂક અને વર્ક કોન્ટ્રાક્ટ આપવાની પ્રક્રીયામાં પૂરેપૂરી પ્રામાણિકતા, પારદર્શકતા તથા સમાનતાનું ધોરણ જળવાઈ રહે તેમજ ટેન્ડર પ્રક્રીયા હાથ ધર્યા સિવાય કરવામાં આવતી સીધી ખરીદી અથવા સેવાકીય બાબતો માટે સંસ્થાની સીધી નિમણૂંક

નિવારવા બાબતે કેન્દ્રીય સતર્કતા આયોગની સૂચના મુજબ ટેન્ડરીંગ કચેરીએ ટેન્ડરમાં દર્શાવેલ ખરીદી કે હરાજી હેઠળની ચીજ-વસ્તુઓ માટે ટેન્ડર રજૂ કરવાનો સમયગાળો, ટેન્ડર પ્રક્રીયા હાથ ધરનાર કચેરી/સંસ્થાનું સ્થળ, ટેકનિકલ સ્પેશીફીકેશન, અંદાજીત ખરીદ કિંમત, ઈ.એમ.ડી વગેરે વિગતો સાથેની જાહેર નિવિદા બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં અચૂકપણે પ્રસિધ્ધ કરવાની રહે છે.

કુદરતી આપત્તિ અને કટોકટી જેવા સંજોગોમાં અથવા તો વૈકલ્પિક વ્યવસ્થા શક્ય ન હોય તેવા કિસ્સામાં જ્યારે એક જ સ્ત્રોત પાસેથી ખરીદી અથવા તો એક જ સપ્લાયર/કોન્ટ્રાક્ટર પાસેથી સેવાઓ મેળવવાનું શક્ય હોય તેવા કિસ્સામાં આ અંગેના વાજબી કારણો તેમજ ભાવનું વાજબીપણું દર્શાવી ટેન્ડર પ્રસિધ્ધકર્તા કચેરીએ યોગ્ય સત્તાધિકારી/બોર્ડની મંજૂરી મેળવવી આવશ્યક છે.

કેન્દ્રીય સતર્કતા આયોગના ઉક્ત પરિપત્રોની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

તાજેતરમાં રાજ્ય સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલીક કચેરીઓ /ખાતા /બોર્ડ/ કોર્પોરેશન અને નિગમો દ્વારા કરવામાં આવતી ખરીદીમાં રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિનો ચૂસ્તપણે અમલ કરવામાં આવતો નથી.

ઉપરોક્ત સૂચનાઓ/ જોગવાઈઓનું અચૂકપણે પાલન થાય અને ખરીદ નીતિ, માર્ગદર્શક સૂચનાઓ મુજબ ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે અંગે સરકારશ્રીના દરેક વિભાગ/ખાતાના વડા /બોર્ડ /નિગમો/ કોર્પોરેશન વગેરેનું પુનઃ ધ્યાન દોરવામાં આવે છે. આ સૂચનાઓના ચૂસ્ત અમલ અંગેની જવાબદારી ટેન્ડર પ્રસિધ્ધ કરનાર કચેરી/ખાતાના વડા/ જે તે વિભાગના સચિવ/ અને બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વહીવટી વડા/સી.ઈ.ઓ.ની રહેશે.

(સહી)

(કે.સી. તામ્હણે)
સંયુક્ત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- તકેદારી આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (પત્ર દ્વારા)
- ઉદ્યોગ કમિશનરશ્રી અને મધ્યસ્થ સરંજામ અને ખરીદ અધિકારીશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
- અધિક ઉદ્યોગ કમિશનરશ્રી (સ.ખ.), ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(ર)ઓડીટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો (તેમના હસ્તકના તમામ ખાતાના વડાઓ/ તાબાની કચેરીઓ બોર્ડ/કોર્પોરેશનને જાણ કરવાની વિનંતી સહ.)
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ.(વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતી સહ)
- પસંદગી ફાઈલ

ઉપસચિવ વિભાગ ન.કૃ.યુ., નવસારી
જ.ઈ.નં. ૫૦૭૧
તા. 1 AUG 2013
એડીએમ-૩ શાખા

૫૨૨૫/૧૧૨૦૧૩/૨૪૧/મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩/૭/૧૩

પ્રતિ,
- સંશોધન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, ~~સચિવાલય, ગાંધીનગર~~ કૃષિ અને સહકાર વિભાગ.
- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ/ બોર્ડ/ નિગમ/ કૃ.યુનિ. ઓ.

ઉક્ત બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(સહી)
સંશોધન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

અ.૩-૩
A-3-1
31/07
31 JUL 2013